ગાંધીનગર સમાચાર

## વરસાદના અભાવ વચ્ચે શહેરમાં રોપાઓની વાવણીને સુકારાનો ખતરો

# સે-૨૮ જીઆઈડીસી વિસ્તારમાં ગટરનુ દુષિત પાણી ફરી વળ્યુ

**ખદબદતી ગંદકી વચ્ચે ગુંગળામણ અનુભવતા વેપારીઓમાં રોગચાળાની દહેશત : સોલીડ વેસ્ટના ભરાવાથી લાઇન ચોકઅપ : તંત્ર : સમસ્યાને કાયમી નિવારવા માટે ગ-૭ થી ગ-૬ વચ્ચે નવીલાઇન નાંખવા ગતિવિધિઓ**

ગાંધીનગર તા ૨૭

સે-૨૮ જી આઇ ડી સી વિસ્તારમાં હાલ નર્કાગાર જેવી સ્થિતિનુ નિર્માણ થયુ છે. છેલ્લા કેટલાક સમયથી આ વિસ્તારમાં ગટરો દુષિત પાણી ઉભરાતા ખદબદતી ગંદકી વચ્ચે ગમે ત્યારે રોગચાળો માથુ ઉંચકે તેવી દહેશત પ્રવર્તી છે. જી આઈ ડી સી વિસ્તારમાં સોલીડ વેસ્ટ ગટર લાઈનમાં જતા ગટરની સમસ્યા વધુ પેચીદી બની છે. હાલ તંત્ર દ્વારા સુપર શકર મશીનનના ઉપયોગના આધારે ગટર લાઈનના ચોકઅપને નિવારવા પ્રયાસો કરવામાં આવી રહયા છે. બીજીતરફ આ સમસ્યાને કાયમી નિવારવા માટે ગ-૭ થી ગ-૬ વચ્ચે નવી લાઈન નાંખવા માટે પણ તંત્ર દ્વારા દરખાસ્ત તૈયાર કરી દેવામાં આવી છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ થાય તેમ છે.

શહેરમાં ગટરો ઉભરાવાની સમસ્યા જટીલ બની છે. સેકટરોમાં ગટરોની સમસ્યા ડામવા માટે તંત્ર પાસે પર્યાપ્ત મેન પાવર તેમજ મશીનરીનો અભાવ હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્યારે આવા સંજોગોમાં સેકટરોની ગટર ઈન્કવાયરીમાં આમ નાગરિકોની કોઇ ફરિયાદ સાંભળનાર પણ નથી. ત્યારે શહેરના જી આઇ ડી સી વિસ્તારમાં ગટરો ઉભરાવાની સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ છે. સે-૨૮ માં છેલ્લા કેટલાક સમયથી ગટરનુ દુષિત પાણી હીલોળા લેતા આ વિસ્તારમાં વેપારીઓ સહીત મુલાકાતીઓ પણ ગુંગળામણ અનુભવી રહયા છે. આજે પણ આ વિસ્તારમાં દુષિત પાણીનો ભરાવો થતા દુર્ગંધયુકત માહોલ વચ્ચે ગંદકી ખદબદતી જોવા મળી હતી. તંત્ર દ્વારા હાલ આ સમસ્યા નિવારવા માટે આ જગ્યાએ ચાર મેઈન હોલના ચોકઅપને નિવારવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. આ માટે સુપર શકર મશીન કામે લગાડવામાં આવ્યુ છે. ગટર લાઈનમાં સોલીડ વેસ્ટ જતો હોવાના લીધે લાઈન વારંવાર ચોકઅપ થઈ જતી હોવાનુ સુત્રોએ જણાંવ્યુ છે. ત્યારે રોડનં-૭ની લાઈનમાં પણ ચોકઅપ નિવારી લાઈન ડાયવર્ટ કરવાની ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જો કે આ સમસ્યાના કાયમી નિવારણ માટે તંત્ર દ્વારા ગ-૭ થી ગ-૬ વચ્ચે ૨ કીમી ના અંતરમાં નવી લાઈન નાંખવા માટે કામ હાથ ધરવા માટે અંદાજ તૈયાર કરી દેવામાં આવ્યો છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ થાય તેમ છે. આ લાઈન જી આઇ ડી સી તરફ ડાયવર્ટ કરી સમસ્યાનુ કાયમી નિરાકરણ લાવવામાં આવશે.



અમી છાંટણા : શહેરના કેટલાક વિસ્તારોમાં મોડી સાંજે અમી છાંટણાની અનુભૂતિ થઈ હતી. વરસાદી માહોલ છેલ્લા બે - ત્રણ દિવસથી સર્જાય છે. પરંતુ હાથતાળી આપીને વરસાદ છટકી જાય છે. સોમવારે સાંજે પણ એવું જ થયું... મોટા ભાગના વિસ્તારો કોરા ધાક્કોર હતા. તો કેટલાકમાં નાનકડી વાદળી એ અમી છાંટણા કર્યા હતા.

# આજે શહેરમાં વરસાદી ઝાપટું પડવાની શક્યતા

### બંગાળના ઉપસાગર પર સર્જાયેલી લૉ પ્રેશરની સીસ્ટમ હાલમાં મધ્યપ્રદેશમાં વરસાદ આપી રહી છે

ગાંધીનગર, તા. ૨૭

છેલ્લા ઘણા દિવસોથી વરસાદની રાહ જોઈને બેઠેલા નગરજનોને આવતીકાલે વરસાદમાં ભીંજાવાનો મોકો મળી શકે તેમ છે. હાલમાં મધ્યપ્રદેશમાં વરસાદ આપી રહેલી સીસ્ટમ આવતીકાલે ઉત્તર ગુજરાત સુધી પહોંચી શકે છે અને શહેરમાં વરસાદ આપી શકે છે.

શહેરમાં ઘણા દિવસોથી વરસાદી માહોલ બંધાય છે. પરંતુ વરસાદ વરસતો નથી. શહેરીજનો મુશળધાર વરસાદની અપેક્ષા રાખી રહ્યા છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ઘણા સ્થળોએ સારો એવો વરસાદ પડી રહ્યો છે. માત્ર ઉત્તર ગુજરાત જ કોરૂ ધાકોર છે. આવતીકાલે વરસાદ ગાંધીનગર સહિતના ઉત્તર ગુજરાતના વિસ્તારોને ભીંજવી શકે છે.

બંગાળના ઉપસાગર પર સર્જાયેલ લૉ-પ્રેશરની સીસ્ટમ ધીમે ધીમે આગળ વધી રહી છે અને વરસાદ લાવી રહી છે. હાલમાં આ સીસ્ટમ મધ્યપ્રદેશના વિવિધ વિસ્તારોમાં વરસાદ આપી રહી છે. આવતીકાલે આ સીસ્ટમ ગુજરાતમાં પ્રવેશ કરશે અને ગાંધીનગર શહેર સહિતના ઉત્તર ગુજરાતના વિસ્તારમાં વરસાદ આપી શકે છે.

# જિલ્લા પંચાયતનું સમગ્ર તંત્ર ચાર્જથી ચાલે છે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા પંચાયતનો સમગ્ર વહીવટ ચાર્જથી ચાલે છે. ચાર તાલુકા વિકાસ અધિકારી સહિત છ જેટલી જગ્યાઓ ચાર્જમાં ચાલશે.

જિલ્લા વિકાસ અધિકારી દેસાઈ તાલિમમાં જતાં તેમની જગ્યાનો ચાર્જ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકને સોંપવામાં આવ્યો છે. જ્યારે ચારેય તાલુકા વિકાસ અધિકારીઓની જગ્યાઓ પર પણ નિયમિત અધિકારીઓની નિમણુંક ન થતાં ખાલી પડી છે. માણસા અને કલોલ તાલુકા વિકાસ અધિકારીઓની બઢતી સાથે બદલી કરવામાં આવી છે તો દહેગામ અને ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારીઓ પહેલેથી જ ચાર્જમાં છે.

જિલ્લા પંચાયતમાં વર્ગ-૨ ના સાત અધિકારીઓની જગ્યાઓ ચાર્જમાં ચાલી રહી છે. આ ઉપરાંત જિલ્લામાં કારકુન સંવર્ગની ૬૫ જગ્યાઓ ખાલી પડી છે.

૬ નાયબ ચીટનીસ આ માસના અંતે વયમર્યાદાને લઈ નિવૃત્ત થઈ રહ્યા છે. આમ પંચાયતનું વહીવટીતંત્ર લગભગ ખાલીખમ થઈ જવા પામ્યુ છે. પાટનગરના જિલ્લામાં જ વહીવટીતંત્રની આ સ્થિતિ હોય તો રાજ્યના અન્ય જિલ્લાઓની કલ્પના જ કરવી રહી?

પંચાયતમાં વહીવટીતંત્ર પર વિપરીત અસરો પડી રહી હોવાના વારંવારના અખબારી અહેવાલો પ્રગટ થાય છે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ તલાટી કમ મંત્રીઓની જગ્યાઓ ખાલી હોવાથી બે થી ત્રણ ગામનો હવાલો સોંપવામાં આવ્યો છે. નાયબ જિલ્લા વિકાસ અધિકારીની એક જગ્યા દોઢ વર્ષ સુધી ચાર્જમાં બે અધિકારીઓએ સંભાળી હતી અને હમણાં નિયમિત નિમણુંક કરવામાં આવી છે.



સ્માર્ટ સિટી તરફ ગતિ : ગાંધીનગરમાં આજકાલ મહત્ત્વના દરેક સર્કલ પર એલ.ઈ.ડી. સ્ક્રીન મુકાઈ રહ્યા છે. જ્યાં ન્યૂઝ, જાહેરાત તથા જાણકારી આપવાનો પ્રયાસ કરાશે. શહેરની સુંદરતામાં અને સુવિધામાં વધારો કરવા તંત્ર જોરદાર પ્રયાસ કરી રહ્યું છે.

# શહેરમાં ફરતા પુસ્તકાલયના દરમાં ઘટાડો

### અંતિમ વાનનું સંચાલન જુસિકાને સોંપાયું : કાયદા અધિકારીની જગ્યા અપગ્રેડ કરવામાં આવશે : મનુભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગર-પાલિકાએ હોંશે હોંશે અમલી બનાવેલ ફરતા પુસ્તકાલય પ્રોજેક્ટને સફળ બનાવવા માટે આજે તેની સભ્ય ફી અને ડિપોઝીટની રકમમાં ધરખમ ઘટાડો કરી ભાજપના સત્તાધીશોએ યુ ટર્ન લીધો છે.

મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં આ અંગે કમિશનરે કરેલી દરખાસ્તનો સ્વીકાર કરી પ્રોજેક્ટ લોકપ્રિય અને તે દિશામાં કાર્યવાહી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સ્થાયી સમિતિની બેઠકને અંતે પત્રકારો સાથે વાતચીત કરતાં ચેરમેન મનુભાઈ પટેલે જણાવ્યુ હતુ કે સભ્ય ફીનો દર જે રૂ. ૫૦ હતો તે ઘટાડીને રૂ. ૧૦નો કરવામાં આવ્યો છે. જ્યારે ડિપોઝીટનો દર જે રૂ. ૨૫૦ હતો તે ઘટાડીને રૂ. ૪૦ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

તેમણે આડકતરો એકરાર કર્યો હતો કે આ પ્રોજેક્ટને સારો પ્રતિસાદ મળે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આજની બેઠકમાં થયેલા નિર્ણયોની જાણકારી આપતાં તેમણે

● અનુસંધાન પાના ૭ પર

# જુના સેકટરોમાં દાયકાઓ જુના ૩૦ સરકારી બ્લોક જોખમી હાલતમાં

### સે-૨૨,૨૩,૨૮,અને સે-૨૯ માં જુદી જુદી કેટેગરીના બ્લોક જોખમી

ગાંધીનગર તા ૨૭

શહેરના સેકટરોમાં સ્થિત વિવિધ કેટેગરીના સરકારી આવાસો દાયકાઓ જુના છે. ત્યારે આ પૈકી મોટાભાગના આવાસો જોખમી હોવાનુ સ્પષ્ટ થયુ છે. જુના સેકટરોમાં પણ ૩૫ જેટલા બ્લોક જોખમી હોવાનુ તંત્રના ધ્યાને આવ્યુ છે. શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. ત્યારે હયાત મકાનો પૈકી મોટાભાગના ભયજનક હાલતમાં હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો પૈકી મોટાભાગના મકાનો ભયજનક હાલતમાં હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. એકબાજુ માર્ગ મકાન વિભાગ દ્વારા નિકાલ હેઠળના મકાનો તોડી નાંખી સરકારી આવાસોના મામલે જાણે સબ સલામત હોવાની નિતી અપનાવાઈ છે.પરંતુ આવાસોની છતમાંથી સતત પોપડા ખરતા હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવતા સરકારી મકાનોની સલામતી સામે સતત સવાલો મંડરાતા રહયા છે. ત્યારે આવાસો સ્થિતિ ચકાસવા તંત્ર દ્વારા સર્વ પણ હાથ ધરવામાં આવ્યો છે. જેના અંતે પણ બાંધકામની દ્રષ્ટીએ કેટલાક સરકારી બ્લોક જોખમી હોવાના લીધે ખાલી કરાવી દેવાયા છે. ત્યારે હજુ પણ નવા જોખમી બ્લોક ધ્યાને આવે તેવી શકયતા છે.

સરકારી આવાસોના અસ્તિત્વને સાડા ચાર દાયકા જેટલો સમય વીતી જતા વર્ષો જુના આવાસોની તેમજ તેમાં રહેતા કર્મચારીઓની સલામતી સામે પણ પ્રશ્ન મંડરાયો છે. ત્યારે જુના સેકટરોમાં જુદી જુદી કેટેગરીના આવાસો જોખમી હોવાનુ ધ્યાને આવ્યુ છે. સે-૨૨,૨૩,૨૮ અને ૨૯ માં પણ જ, જ-૨, છ તેમજ ઘ અને ચ કક્ષાના ૩૦ જેટલા બ્લોક જોખમી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ડિઝાઈન સર્કલ કચેરી દ્વારા આ મામલે જરૂરી રીપોર્ટ પણ સુપ્રત કરી દેવાયો છે. ત્યારે આગામી દિવસોમાં આ મકાનો તોડી નાંખવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવે તેવી સંભાવના છે.



અકસ્માતનો ભય : ઘ-૩ થી વાવોલ તરફના માર્ગ પર બરાબર માર્ગની વચ્ચે ઘટરનું ઢાંકણું ખૂલી જતાં અકસ્માતનો ભય વર્તાઈ રહ્યો છે. વાહનચાલકો સાચવી - સંભાળીને વાહન ચલાવે તે માટે વૃક્ષની એક ડાળખી પણ અવરોધક તરીકે મુકાઈ છે.

# દાળનો ૬૫૦૦ મે. ટન જથ્થો કેન્દ્ર પાસેથી મેળવાશે : ચુડાસમા

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતમાં દાળની માંગને પહોંચી વળવા માટે ૬૫૦૦ મે. ટનનો જથ્થો કેન્દ્ર પાસે માંગવામાં આવ્યો હોવાનું રાજ્યના પુરવઠામંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યુ હતુ.

દાળ રૂ. ૧૩૦ના ભાવે વેચવા માટે દાળ ઉત્પાદકો સહમત થયા હોવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

ચુડાસમાએ જણાવ્યુ હતુ કે આજે જિલ્લા પુરવઠા અધિકારીઓની મળેલ માસિક સમીક્ષા બેઠકમાં દરેકને રેશનીંગની દુકાનેથી તેમને મળવાપાત્ર જથ્થો મળી રહે તે જોવા, અન્નપૂર્ણા યોજનાના અસરકારક અમલીકરણની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

ચુડાસમાએ જણાવ્યુ હતુ કે તેલના મિલરો રૂ. ૨૧૨૫ના ભાવે ત્રણ માસ સુધી ૧૫ લી. તેલના ડબ્બાનું વેચાણ કરશે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે અને તેનો અમલ થાય તે જોવા જણાવાયું છે.

# સ્કીલ્ડ મેનપાવરનું ટેન્ડર ત્રણ માસ માટે મંજૂર

### અનસ્કીલ્ડ મેનપાવર માટે નવેસરથી ટેન્ડરીંગ કરાશે : શરતોમાં પણ ફેરફાર કરાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગર-પાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકે સ્કીલ મેનપાવર માટે એજન્સી નિયત કરી ત્રણ માસના પ્રાયોગિક ધોરણે વર્કઓર્ડર આપવાનો નિર્ણય કરેલ છે. જ્યારે અનસ્કીલ્ડ મેનપાવર માટે નવેસરથી ટેન્ડર બહાર પાડવાનો નિર્ણય કર્યો છે.

મનપાના ચેરમેન મનુભાઈ પટેલના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં આજે ચર્ચા-વિચારણાને અંતે સ્કીલ્ડ મેનપાવરની એજન્સી નિયત કરવા માટે શરતો લાદવા સાથે ત્રણ માસના પ્રાયોગિક ધોરણે વર્ક ઓર્ડર આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

બેઠકને અંતે પત્રકારો સાથેની વાતચીતમાં ચેરમેન મનુભાઈ પટેલે જણાવ્યું હતું કે એસ.૧ એજન્સી તરીકે આવેલ શ્રી નીરવ એન્ટરપ્રાઈઝને ત્રણ માસના

● અનુસંધાન પાના ૭ પર


**વૉક ઈન ઈન્ટરવ્યુ**

એચઆઈવી / એઈડ્સ ક્ષેત્રે કામ કરતી સંસ્થા GSNP+ ને ગાંધીનગર ખાતે કેર સપોર્ટ સેન્ટરમાં માસ્ટર કાઉન્સેલર, MSW/MA સાયકોલોજી, સોસયોલોજી, બે વર્ષનો અનુભવ. તા. ૩૦/૬/૨૦૧૬, ગુરૂવાર સવારે ૧૧.૦૦ કલાકે અરજી અને જરૂરી પ્રમાણપત્રો સાથે સેક્ટર-૧૨, પ્લોટ નં. ૫૬/૨, જુનીયર સીટીઝન કાઉન્સીલની બાજુમાં, ગાંધીનગર ખાતે ઉપસ્થિત રહેવું.

મો. : ૯૫૭૪૩૬૦૦૧૧
મો. : ૯૬૩૮૭૫૨૩૨૯



**પ્રશ્નોરા નાગર બેસણું**



અમારા પૂ. પિતાશ્રી **જીતેન્દ્ર કાન્તિલાલ ભટ્ટ** તા. ૨૧/૬/૨૦૧૬, મંગળવારના રોજ સ્વર્ગવાસી થયેલા છે. **દિવંગતનું બેસણું તા. ૩૦/૬/૨૦૧૬, ગુરૂવારના રોજ સાંજના ૫-૩૦ થી ૭** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ગુજરાત સીંધુધામ, સેક્ટર-૩૦, ૨૧/૩૦ બસ સ્ટેન્ડ પાસે, ગાંધીનગર. મો. : ૯૯૨૫૪૦૮૦૦૧, ૦૭૯-૨૩૨૬૧૬૫૩**

**મહાવીર ભટ્ટ - વૈશાલી ભટ્ટ** | **નિલકંઠ ભટ્ટ - જીપ્સી ભટ્ટ**
**પલ્લવી ઓઝા - પ્રતીક ઓઝા** | **મીનાક્ષી ભટ્ટ**
**સ્તુતી, શ્લોક, નીયતી, ઓમ, જૈશ્વ, જ્ઞાન**



**શિક્ષકો જોઈએ છે**

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, સંચાલિત શ્રી જે. એમ. ચૌધરી સ્કૂલ ઓફ સાયન્સ (સ્વનિર્ભર)ના ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ માટે નીચેના સ્ટાફ જોઈએ છે.

**(૧) એમએસસી, બી.એડ. (ભૌતિક) (૨) એમએસસી બી.એડ. (રસાયણશાસ્ત્ર), (૩) એમએસએસી બી.એડ. (જીવવિજ્ઞાન) (૪) એમ.એ.બી.એડ. (અંગ્રેજી/સંસ્કૃત), (૫) કલાર્ક - સ્નાતક (C.C.C. પાસ)**

યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા. ૩૦/૬/૨૦૧૬ને ગુરૂવારના રોજ સવારે ૯-૩૦ કલાકે નીચેના સ્થળે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવું.

**સ્થળ : શ્રી જે.એમ. ચૌધરી સ્કૂલ ઓફ સાયન્સ**
સી-બ્લોક, માતુશ્રી જોઈતીબા કોલેજ કેમ્પસ, એસ.ટી.ડેપો સામે, સેક્ટર-૭, ગાંધીનગર. ફોન (૦૭૯) ૨૩૨૪૪૫૪૦



**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**

**ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે**

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality | KisaN® | ashirvad | BENELAVE™ | DR. FIXIT® | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500® TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com